## માનનીય ધારાસભ્યશ્રીનું ગુજરાત ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ એક્ટ, ૨૦૧૭ ના સુધારા પર વક્તવ્ય: ( મહેન્દ્રભાઇ પાડલીયા )

જી.એસ.ટી .કાયદા હેઠળની મહત્વની બાબતોને આવરી લઇને કરદાતાના લાભ માટે તેમજ સરકારી આવકને સુનિશ્ચિત કરવા માટે માન .નાણાંમંત્રીશ્રીએ રજુ કરેલ જી.એસ.ટી .કાયદામાં સુધારા અંગેના આ વિધેયકને મારો સંપૂર્ણ ટેકો જાહેર કરું છું. જીએસટી કાઉન્સિલની ૫૩ મી બેઠકમાં વેપારીવર્ગના હિતમાં કરવામાં આવેલ કેટલીક મહત્વની ભલામણો અંગે હું ગૃહને વાકેફ કરવા માંગુ છું.

ભારત દેશના પનોતા પુત્ર એવા આપણા લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાહેબના નેતૃત્વ હેઠળની સરકારે ભારત દેશના તમામ રાજ્યોને સાથે રાખી GST કાયદાનું તા.૦૧.૦૭.૨૦૧૭ થી અમલીકરણ કરી One Nation One Tax One Market નું ભારત દેશની જનતાનું સ્વપ્ન સિધ્ધ કરેલ છે. GST કાયદાથી નાના-મોટા તમામ વર્ગનું અને દરેક નાગરીકનું ધ્યાન રાખવામાં આવેલ છે. સાથે-સાથે ભારત દેશના ઉદ્યોગધંધા વિદેશી કંપનીઓ સાથે સ્પર્ધા કરી શકે તેવી જોગવાઇ પણ સમયાંતરે કરવામાં આવેલ છે. સરકાર પ્રજા અને ઉદ્યોગધંધા એમ દરેક વર્ગમાંથી મળતા પ્રતિસાદ અને સૂચનોને ધ્યાનમાં લઇ જરૂરી સુધારાઓ કરે છે. સરકારે દરેક રાજ્યને સાથે રાખી સબકા સાથ સબકા વિકાસ નું સૂત્ર ચરિતાર્થ કરેલ છે.

વિવિધ એસોસીયેશનો અને વેપારી સંગઠનો તરફથી પ્રિ-ડિપોઝીટ રકમને ઘટાડવા અંગેની રજૂઆતો પ્રાપ્ત થયેલ હતી. હાલમાં જીએસટી કાયદા અન્વયે પ્રિ-ડિપોઝીટની રકમ પ્રથમ અપીલ તબક્કે મહત્તમ રૂ ૨૫ કરોડ છે અને દ્વિતિય અપીલ એટલે કે ટ્રીબ્યુનલ તબક્કે મહત્તમ રૂ ૫૦ કરોડ છે. વિવિધ એસોસીયેશન અને વેપારી

સંગઠન તરફથી મળેલ આ રજુઆતો ધ્યાને લઈને આ રકમ  ઘટાડીને પ્રથમ અપીલ અને દ્વિતિય અપીલ એટલે કે ટ્રીબ્યુનલ બંને તબક્કે મહત્તમ રૂ ૨૦ કરોડ કરેલ છે. વધુમાં, ટ્રીબ્યુનલ તબક્કે આ રકમ ભરવાપાત્ર વેરાના ૨૦% થી ઘટાડીને ૧૦% પણ કરેલ છે.

નિકાસ (Export) બાદ માલની કિંમતમાં વધારો થાય તો આ વધારાના કારણે ચૂકવવામાં આવેલ વધારાના IGST વેરાના રિફંડ આપવા બાબતે વિવિધ એસોસીયેશન અને વેપારી સંગઠન તરફથી રજુઆતો મળેલ. એવા કિસ્સાઓમાં કે જ્યાં નિકાસ કરેલ ચીજવસ્તુઓના ભાવ અમુક આંતરરાષ્ટ્રીય પરિબળો સાથે જોડાયેલા હોય અને કરારની શરતો કે અન્ય કારણોસર નિકાસ કરાયેલા માલની કિંમતમાં Upward Revision થતાં તેની કિંમતમાં સુધારો કરી નિકાસકારે લાગુ પડતાં વ્યાજ સાથે વધારાના IGST ચૂકવવાની જોગવાઈ છે પરંતુ આવા ચુકવાયેલ વધારાના IGSTના રિફંડનો દાવો કરવા માટે કોઈ જોગવાઈ ન હતી જેથી આ રકમના રીફંડ આપવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

માન .નાણાંમંત્રીશ્રીએ રજુ કરેલ જી.એસ.ટી .કાયદામાં સુધારા અંગેના આ વિધેયકને મારો સંપૂર્ણ ટેકો જાહેર કરું છું